# આકરા મિજાજ બાદ ઠંડીનુ જોર હળવુ લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રીએ

## ગઇકાલની સાપેક્ષમાં ઠંડી ઘટી : દિવસે ગરમીનો પારો પણ ૨. ૫ ડીગ્રી ઉંચકાયો : નગરજનો મોસમના વિચિત્ર મિજાજથી પરેશાન

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં ગઇકાલે ઠંડીનો પારો ૧૨ ડીગ્રીએ પહોંચી જતા શિયાળાઓ દિન પ્રતિદિન આકરો બનતો જતો હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ઠંડીએ જોર બતાવતા વહેલી સવારે અને રાત્રિના નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. જો કે ગઇકાલની આકરી ઠંડી બાદ આજે ફરી એકવાર દિવસ દરમિયાન ગરમીનો પારો ઉંચકાયો હતો. મહત્તમ તાપમાન ૨.૫ ડીગ્રી વધ્યુ હતુ જયારે ઠંડીનો પારો પણ ૧૪ ડીગ્રીએ રહેતા નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. આ સ્થિતિ વચ્ચે શહેરીજનો બેવડી ઋતુથી પ્રભાવિત જોવા મળ્યા હતા.

ગાંધીનગરમાં દિવાળીના તહેવારની ધમાકેદાર ઉજવણી વચ્ચે મોસમનો મિજાજ પણ ઉગ્ર બન્યો છે. ઠંડીની મોસમ ધીમે ધીમે વધુ આકરી બનતી જાય છે. ગઈકાલે પણ સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. આકરી ઠંડીના લીધે રાત્રિના સમયે શહેરમાં સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. અસહ્ય ઠંડીના લીધે જનજીવન પ્રભાવિત બન્યુ હતુ. અત્યાર સુધી લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીથી ઉપર રહેતુ હતુ. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી મોસમનો મિજાજ બદલાયો છે. હવે ધીમે ધીમે ઠંડી આક્રમક બનતા નગરજના જનજીવન પર બદલાતા મોસમની અસર વર્તાઇ રહી છે. દિવસ દરમિયાન હજુ થોડી ગરમીનો અહેસાસ કરતા નગરજનો બેવડી ઋતુની અસરથી પણ પ્રભાવિત છે.

મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડાથી વધુ તફાવત છે. શહેરમાં ઠંડીનો પારો ધીમે ધીમે ઉંચકાઇ રહ્યો છે. નગરજનો હવે રાત્રિના સમયે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. ગઇકાલે ઠંડનો પારો ઉગ્ર બનતા લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાયુ હતુ. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૬ ડીગ્રી ગગડયુ હતુ. એકબાજુ હવામાન વિભાગે આ વર્ષે વધુ ઠંડી પડવાની આગાહી કરી છે. હવામાન નિષ્ણાંતો પણ ડીસેમ્બર મહીનામાં ઠંડીનો પારો ૫ ડીગ્રી સુધી પહોંચી જશે તેમ જણાંવી રહ્યા છે. ત્યારે આગામી દિવસો ઠંડીની દ્રષ્ટીએ વધુ આકરા પુરવાર થશે. આજે લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રીએ રહ્યુ હતુ. જેના લીધે નગરજનોએ ગઇકાલની સાપેક્ષમાં ઠંડીમાં પ્રમાણમાં રાહત અનુભવી હતી. બીજીતરફ ગરમીનો પારો પણ ૨.૫ ડીગ્રી ઉંચકાયો હતો. જેના લીધે દિવસનો તાપ આકરો લાગ્યો હતો અને દિવસે ગરમી સાથે ઢળતી સાંજ બાદ ઠંડીનો ચમકારો વર્તાયો હતો.




ઈન્દ્રોડા પ્રા. શાળા ખાતે શિક્ષક તરીકે ફરજો બજાવતા શ્રીમતિ વિલાસ બા રાઓલ તથા દેવીલાબેન ઠાકર વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં શાળા પરિવાર દ્વારા તેમને વિદાય આપવામાં આવી અને નિવૃત્ત જીવન નિરામય રહે તેવી શુભકામનાઓ અપાઈ હતી.

# સેક્ટર-૬માં બી અને સી કક્ષાના ૫૬૦ આવાસોનુ આજે મુખ્યમંત્રી લોકાર્પણ કરશે

## કોર્પોરેટ લુક ધરાવતા અઘતન આવાસોમાં કર્મચારીઓના પરિવાર માટે તમામ સુવિધાઓ : બગીચો , બાળકો માટે રમતગમતના સાધનો, આર સી સી રસ્તા, અને ૨૪ કલાક પાણી મળી રહે તે માટે બોર અને સંપ પણ તૈયાર કરાયા

ગાંધીનગરમાં સાડા ચાર દાયકા જુના આવાસો હવે રહેણાંકને લાયક રહ્યા નથી જોખમી મકાનો તબક્કવાર તોડવામાં આવી રહ્યા છે. જેની સામે નવા કોર્પોરેટ લુક ધરાવતા અઘતન આવાસો બાંધવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. સે-૬ માં પણ બી અને સી કક્ષાના ૫૬૦ મકાનોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે તમામ સુવિધાઓથી સજ્જ આ આવાસોનુ આજે સવારે ૧૦ કલાકે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરાશે.

શહેરમાં નવા આવાસો બાંધવા માટે ટુંકમાં સ્થળ પસંદગી કરવામાં આવશે. શહેરમાં એકબાજુ જુના અને જર્જરિત આવાસો તોડવા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી ત્યારે નવા મકાનો બાંધવા માટે પણ ઝડપથી આયોજન થાય તે દિશામાં ગતિવિધિઓ હાથ ધરવામાં આવી રહી છે. નગરમાં સે-૭, સે-૨૯ અને સે-૩૦ તેમજ સે-૬ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે સે-૬ માં છેલ્લા ત્રણ મહીનાથી નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરી દેવાયુ છે પરંતુ આ આવાસોના લોકાર્પણમાં



વિલંબ થયો છે. આખરે દિવાળી પુર્વે આ આવાસોના લોકાર્પણનુ મુહુર્ત નિકળતા આજે સે-૬ માં બી અને સી કક્ષાના નવા ૫૬૦ મકાનોની ચાવી અરજદારોને સોંપી દેવાશે. એકબાજુ શહેરમાં રહેણાંકને લાયક મકાનો નથી ત્યારે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. હાલની સ્થિતિએ અંદાજિત ૪ હજારથી વધુ કર્મચારીઓ આવાસ મેળવવા માટે પ્રતિક્ષા યાદીમાં છે. જો કે હવે સે-૬ ના નવા આવાસોનુ લોકાર્પણ કરવામાં આવતા પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળશે. સે-૬ માં બી અને સી કક્ષાના ૫૬૦ આવાસો તૈયાર કરી દેવાયા છે. કોર્પોરેટ લુક ધરાવતા આ આવાસોના નિર્માણ પાછળ અંદાજિત ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં બી કક્ષાના ૨૮૦ આવાસોના નિર્માણ પાછળ રૂ ૭૧.૭૦ કરોડ અને સી કક્ષાના ૨૮૦ આવાસો માટે રૂ ૭૮.૧૦ કરોડનો ખર્ચ કરાયો છે. આજે સવારે ૧૦ કલાકે આ આવાસોનુ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને માર્ગ મકાન મંત્રીના હસ્તે લોકાર્પણ કરાશે. સે-૬ માં કોર્પોરેટ લુક ધરાવતા આ આવાસોને અનુલક્ષી તમામ સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. આવાસ યોજનાને અનુલક્ષી બગીચો, બાળકો માટે રમતગમતના સાધનો , આર સી સી રોડ , પેવર બ્લોક સાથે પાર્કીંગની સુવિધા, સિક્યુરીટી કેબીન, રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ તેમજ રહીશોને ૨૪ કલાક પાણી મળી રહે તેવી સુવિધાનુ પણ આયોજન કરાયુ છે. આર સી સી રોડની સાથે કમ્પાઉન્ડ વોલ પણ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત પાણીની જરૂરિયાતને ધ્યાને લઇ ૧ લાખ લીટરના ૧૦ સંપ અને બે બોર બનાવાયા છે. આગ અકસ્માતના સંજોગોમાં પણ પરિવારોની સલામતી જળવાઈ રહે તે માટે ફાયર સિસ્ટમ પણ કાર્યરત કરવામાં આવી છે. આજે આવાસોનુ લોકાર્પણ થતા કર્મચારીઓને રહેણાંક માટે અઘતન મકાન મળશે.

# કૃષિભવનના અધિકારીને બાઈક ચાલક ટકકર મારી નાસી ગયો

શહેરના સેકટર-૨૧ વિશ્વકર્મા શોંપીગ સેન્ટર પાસે ચાલતા જતા કૃષિ ભવનના અધિકારીને બાઈક ચાલકે પુર ઝડપે ગફલતભરી રીતે હંકારી તેઓને અડફેટે લીધા હતા. જેથી અધિકારી માર્ગ પર પટકાતા માથાના ભાગે તેમજ ડાબા હાથે કોણી પર વાગ્યું હતું. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા.

શહેરના સેકટર-૨૯ ઘ ટાઈપ બ્લોક નં.૫૩-૧ ચ ટાઈપ ખાતે રહેતા અને કૃષિ ભવન ખાતે ફરજ બજાવતા પ્રવિણ સિહ ઝાલા સેકટર-૧૦ કૃષિ ભવન ખાતે ફરજ બજાવે છે. ગતરોજ સાંજના સુમારે તેઓ ખાનગી વાહનમાં બેસીને સેકટર-૨૧ ખાતે ખરીદી કરવા માટે ગયા હતા. ત્યારબાદ મોડી સાંજના સમયે સેકટર-૨૧ મધુર પાર્લર પાસે માર્ગ પર થી પસાર થતા અચાનક બાઈક નં. જી.જે.-૦૨.ડી.જી.-૨૭૧૩ ના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી અધિકારીને અડફેટે લીધા હતા. જેથી તેઓ માર્ગ પર પટકાતા ઈજા પહોંચી હતી. કૃષિભવનના અધિકારીને ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા.ત્યારે અધિકારીના પરિવારના સભ્યો પણ દોડી આવ્યા હતા. માથાના ભાગે તેમજ હાથની કોણી પર ઈજા પહોંચી હતી. સીટી સ્કેન માટે અમદાવાદ મોકલી આપ્યા હતા. ત્યારબાદ તેઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે અધિકારીના પત્નીએ સેકટર-૨૧ પોલીસ મથકે બાઈક ચાલક સામે ફરીયાદ નોંવાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# દિવાળી પર્વમાં ફાયર કર્મચારીઓની રજા રદ

## ફાયરના ૧૨ વાહન સાથે ૯૦ કર્મચારીઓ તૈનાત રહેશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં દિવાળીના તહેવારોને અનુલક્ષી ફાયર વિભાગ એલર્ટ મોડ પર આવી ગયું છે. દિવાળીમાં ફટાકડા ફોડતી સમયે આગની કોઈ ઘટના બને તો તેને પહોંચી વળવા માટે ફાયર વિભાગ સજજ છે. ફાયર વિભાગના ૯૦ કર્મચારીઓની રજા રદ કરી દેવામાં આવી છે. જયારે આધુનિક સુવિધા થી સજજ ફાયરના ૧૨ વાહનો સાથે કર્મચારીઓ તૈનાત રહેશે.

આ અંગે ચીફ ફાયર ઓફિસર મહેશ મોડે જણાવ્યું હતુ કે દિવાળીને પગલે કર્મચારીઓની પાંચ દિવસ માટે રજા રદ કરી દેવાઈ છે. ફટાકડાના વેપારીઓને નિયમ મુજબ ફાયર સેફટીના સાધનો રાખવાની સુચના અપાઈ હતી. તેમ છતા આગની ઘટના ઘટે તો તાત્કાલીક આગ પર કાબુ મેળવી શકાય તે માટે બંન્ને માર્કેટ પર ફાયરના જવાનો રાઉન્ડ ધ કલોક ફાયર ફાઈટર સાથે હાજર રાખવામાં આવ્યા છે. શહેરના સેકટર-૨૧ અને સેકટર-૧૧ ખાતે ફટાકડાના મોટા સ્ટોલ આવેલા હોવાથી ફાયર વિભાગના જવાનો રાઉન્ડ ધ કલોક ફરજ બજાવશે. દિવાળીના સમય હોવાથી ફાયર ઓફિસર દ્વારા ફટાકડા બજારમાં ઓચિંતી ફાયરના સાધનોની ચકાસણી કરવામાં આવી હતી. તે ઉપરાંત વેપારીઓને આગની ઘટના ન બને તે માટે ખાસ તકેદારી રાખવા માટે સુચના આપવામાં આવી હતી. નાગરીકોએ પણ આગની ઘટના ન બને તે માટે ખાસ કાળજી રાખવી જોઈએ. જયારે ફાયર વિભાગના ૯૦ કર્મચારીઓ સતત દિવાળીના ૫ દિવસ સુધી ખડે પગે હાજર રહેશે.

# ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર વધુ એક ફલાય ઓવર ખુલ્લો મુકાયો

## ૧૭૦ કરોડના ખર્ચે નવનિર્મિત ૨.૩૬ કીલોમીટર લાંબા આ એલિવેટેડ કોરિડોરથી વાહન વ્યવહાર વધુ સુવિધાયુક્ત બનશે

ગાંધીનગર, તા. ૧

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહે ગોતા ફલાય ઓવરથી સોલા સાયન્સ સિટી ફલાય ઓવર સુધીના એલિવેટેડ કોરિડોરનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું.

આ અવસરે માર્ગ મકાન મંત્રી પૂર્ણેશ મોદી તેમજ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, મેયર કિરીટ પરમાર, અમદાવાદ શહેર અને ગાંધીનગરના ધારાસભ્યો, પૂર્વ મંત્રી પ્રદીપસિંહ જાડેજા, સાંસદો, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેશભાઈ બારોટ, અમદાવાદ શહેર પ્રમુખ અમિતભાઈ શાહ, પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા અને પદાધિકારીઓ તેમજ અગ્રણીઓ અને માર્ગ મકાન સચિવ તેમજ વિભાગના અધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



રૂ. ૧૭૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૨.૩૬ કિલોમીટર લાંબો આ એલીવેટેડ કોરીડોર કાર્યરત થવાથી અમદાવાદ શહેરના સૌથી વ્યસ્ત રોડ જંકશનોને ટ્રાફિક જામની સમસ્યામાંથી મુક્તિ મળશે.

કેન્દ્રીયમંત્રી અમિતભાઈ શાહના સંસદીય મતક્ષેત્રમાં આવતા એસ.જી. હાઈવે પર નિર્મિત આ એલિવેટેડ કોરીડોરથી સોલા ભાગવત, કારગીલ પેટ્રોલ પંપ, જનતા નગર અને ઝાયડસ એમ મહત્વના ચાર રોડ જંકશનને સીધો લાભ થશે.

થલતેજ અન્ડરપાસથી સોલા રેલ્વે પુલ સુધી ૧.૪૮ કી.મી. લાંબો ફલાય ઓવર તા. ૨૭-૬-૨૦૨૧ થી કાર્યરત છે, હવે તૈયાર થયેલા ૨.૩૬૦ કિમી લંબાઈના ગોતા ફલાય ઓવરથી સોલા સાયન્સ સીટી બોકસ સુધીના એલિવેટેડ કોરીડોરને પરીણામે સળંગ ૪.૧૮ કીમી લંબાઈનો ફલાયઓવર કાર્યરત થશે.

આ ફલાયઓવર કાર્યરત થવાથી ગુજરાત હાઈકોર્ટ અને સોલા-સિવિલ હોસ્પિટલ જેવી મહત્વની સંસ્થાઓમાં રાજ્યના અન્ય જિલ્લાઓમાંથી આવતી સામાન્ય જનતાને આ એલિવેટેડ કોરીડોરથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૭ પર સરળ અને ઝડપી પરીવહનની સુવિધા મળશે.

# ગોકુળપુરા હનુમાનજી મંદિર પાસેથી ઈકોનું સાયલેન્સર ચોરાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં ઈકો સાયલેન્સર ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં આદિવાડામાંથી પણ ઘર પાસે પાર્ક કરેલી ઈકોનું સાયલેન્સર ચોરાયુ હતું. ત્યારે ગોકુળપુરા હનુમાનજી મંદિર સામે પાર્ક કરેલી ઈકોમાંથી સાયલેન્સરની ચોરી થવા પામી છે. સાયલેન્સર ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ભરત લિલાપરાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગોકુળપુરા ખાતે રહેતો ૨૯ વર્ષિય ભરત દેવસીભાઈ લિલાપરા પોતાના પરિવાર સાથે રહે છે અને ડ્રાઈવીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ભરત વર્ષ ૨૦૨૦ મોડલની ઈકો ગાડી નં. જી. જે. ૧૮. બી. એમ. - ૦૫૯૭ ધરાવે છે. જે ગાડી ઘર પાસે જગ્યા ન હોવાથી હનુમાનજી મંદિર પાસે પાર્ક કરતા હતા. સવારના આઠ કલાકે બહાર ગામ જવાનું હોવાથી હનુમાનજી મંદિર પાસે પાર્ક કરેલી ઈકો ગાડી ચાલુ કરી હતી. જેથી ગાડીનો અવાજ બદલાયેલ લાગ્યો હતો.જેથી ઈકોમાંથી નીચે ઉતરીને ચેક કરતા સાયલેન્સર દેખાયુ ન હતું. જેને પગલે આસપાસ રહેતા નાગરીકો તેમજ રાહદારીઓને પુછપરછ કરી હતી. રવિવારના રોજ રાત્રીના ૮ વાગે ગાડી પાર્ક કરી હતી. જયારે સવારે સાયલેન્સર ન હતું. જેથી રાત્રીના સમયે રૂ.૫૦ હજારના સાયલેન્સની ચોરી થવા પામી હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ભરત લિલાપરાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



અત્યાધુનિક વાહનોની સામે ઘોડાગાડી-બળદગાડી જેવા પરિવહનના સાધનો સાવ આઉટડેટેડ થઈ ગયા છે. સરઘસ કે વરઘોડામાં ક્યારેક ઘોડાગાડીનો ઉપયોગ થાય છે. ટ્રાફિકથી ભરચક રસ્તાઓ પરથી પસાર થતી ઘોડાગાડી સૌના આકર્ષણનું કેન્દ્ર બની છે.

## ફાંસીની સજા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૧ ઓક્ટોબર. ૨૦૧૩ના એનઆઈએએ કેસ સંભાળ્યો અને એક નવેમ્બરે દિલ્હીમાં એનઆઈએ સ્ટેશનમાં તેની ફરીથી એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. તેમાં સગીર સહિત ૧૨ લોકો વિરુદ્ધ આરોપ પત્ર દાખલ કરવામાં આવ્યું હતું. તેમાં એકનું મોત સારવાર દરમિયાન થયું હતું. તો જુવેનાઈલ બોર્ડ દ્વારા સગીર આરોપીને પહેલા ત્રણ વર્ષની કેદની સજા સંભળાવવામાં આવી ચુકી છે. આ મામલામાં વકીલ લલન પ્રસાદ સિન્હાએ કહ્યુ કે, દસ આરોપીઓમાંથી ૯ દોષી સાબિત થયા, એક આરોપીને શંકાના આધાર પર છોડી દેવામાં આવ્યો. છ વ્યક્તિ ૩૦૨/૧૨૦ હેઠળ દોષી સાબિત થયા છે અને બાકી સેક્શનની અંદર દોષી છે. તેમાં એનઆઈએએ ખુબ સારૂ કામ કર્યું છે. તેણે સાઈન્ટિફિક પૂરાવાના આધાર પર બધાને દોષી ઠેરવ્યા છે. એક નવેમ્બરે સજા સંભળાવવામાં આવશે. આ મામલાનું ષડયંત્ર છત્તીસગઢ (રાયપુર) માં ઘડાયું હતું. સામાન ઝારખંડથી લેવામાં આવ્યો અને પછી પટનામાં ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો.

આ મામલામાં આરોપી પાંચ આતંકીઓને પહેલા જ અન્ય કેસમાં આજીવન કેદની સજા ફકરાવવામાં આવી છે. તેમાં ઉમર સિદ્દિકી, અઝહરુદ્દીન, અહમદ હુસૈન, ફકરુદ્દીન, ફિરોઝ આલમ ઉર્ફ પપ્પૂ, નુમાન અંસારી, ઈફ્તિખાર આલમ, હેદર અલી ઉર્ફ અબ્દુલ્લા ઉર્ફે બ્લેક બ્યૂટી, મો. મોઝીબુલ્લાહ અંસારી તથા ઈમ્પિયાઝ અંસારી ઉર્ફે આલમ સામેલ છે. તેમાંથી ઈમ્તિયાઝ, ઉમેર, અઝહર, મોજિબુલ્લાહ અને હૈદરની બોધગયા સીરિયલ બોમ્બ બ્લાસ્ટમાં આજીવન કેદની સજા આપવામાં આવી છે.

મહત્વનું છે કે પટનામાં નરેન્દ્ર મોદીની હુંકાર રેલી હતી. તે સમયે નરેન્દ્ર મોદી ભાજપ અને એનડીએ તરફથી પ્રધાનમંત્રી પદના ઉમેદવાર હતા. આ રેલી સિવાય એક ધમાકો પટના જંકશન પ્લેટફોર્મ નંબર ૧૦ પર પણ થયો હતો. છ લોકોના મોત થયા જયારે ૮૦થી વધુ લોકોને ઈજા થઈ હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ